નવવિધાન

રિશ્તા
વિચારપ્રેરક પત્રિકા

# અંકઃ 3 ૧૫-૧૦-૨૦૧૩



ગાંધી જયંતી નિમિત્તે

### ઈશ્વરનો સાક્ષાત્કાર

૧. પરમેશ્વરનો સાક્ષાત્કાર કરવો એટલું જ જીવનનું ધ્યેય યોગ્ય છે જીવનનાં બીજાં બધાં કાર્યો એ ધ્યેયને સિદ્ધ કરવા માટે જ હોવાં જોઈએ.

૨. જે પ્રવૃત્તિઓ એ ધ્યેયને વિરોધી લાગે, તેનું સ્થૂળપણે દેખાનારું ફળ ગમે તેટલું લલચાવનારું અને લાભ આપનારું લાગે, તો પણ એ પ્રવૃત્તિ ત્યાજ્ય સમજવી જોઈએ.

૩. જે પ્રવૃત્તિ એ ધ્યેયના સાધનભૂત લાગે, તે ગમે તેટલી કઠણ, જોખમભરભરેલી અને સ્થૂળ દષ્ટિએ નુકસાન કરાવનારી લાગે, છતાં એ પ્રવૃત્તિ અવશ્ય કરવા યોગ્ય છે.

૪. સત્ય એ જ પરમેશ્વર. જે કંઈ મને આજે એવું ધર્મ્ય, ન્યાય્ય અને યોગ્ય લાગે છે કે એ કરતાં, સ્વીકારતાં કે પ્રગટ કરતાં મને શરમ લાગે એમ નથી, જે મારે કરવું જ જોઈએ અને જે ન કરું તો હું ઉજળે મોઢે જીવી જ ન શકું, તે મારે માટે સત્ય છે. તે જ મારે માટે પરમેશ્વરનું સગુણ સ્વરૂપ છે.

૫. સત્યની અવિરત શોધ કર્યા કરવી, તથા જેવું અને જેટલું સત્ય સમજાયું હોય તેનો ખંતપૂર્વક અમલ કરવો - આનું નામ જ સત્યનો આગ્રહ; અને એ પરમેશ્વરના સાક્ષાત્કારનો સાધન-માર્ગ છે.

૬. પોતાની આજુબાજુ અસત્ય, અન્યાય કે અધર્મ ચાલી રહ્યાં હોય તે પ્રત્યે ઉદાસીનપણે જોઈ રહેનાર પુરુષ/સ્ત્રી સત્યનો (પરમેશ્વરનો) સાક્ષાત્કાર કરી નહીં શકે. માટે સત્યનો શોધક એ અસત્ય, અન્યાય અને અધર્મના ઉચ્છેદ માટે તીવ્ર પુરુષાર્થ કરશે. આથી, અસત્ય, અન્યાય તથા અધર્મનો પ્રતિકાર એ પણ સત્યાગ્રહનું આવશ્યક અંગ છે.

### સર્વધર્મ સમભાવ

બધા ધર્મો ઈશ્વરદત્ત છે. પણ તે મનુષ્યકલ્પિત હોવાથી, મનુષ્ય તેનો પ્રચાર કરતો હોવાથી, તે અપૂર્ણ છે. ઈશ્વરદત્ત ધર્મ અગમ્ય છે. તેને ભાષામાં મનુષ્ય મૂકે છે, તેનો અર્થ પણ મનુષ્ય કરે છે. કોનો અર્થ સાચો ? સહુ પોતપોતાની દષ્ટએ, જ્યાં લગી એ દિષ્ટ વર્તે ત્યાં લગી, સાચા; પણ સહુ ખોટા હોવાનો અસંભવ નથી. તેથી જ આપણે બધા ધર્મ પ્રત્યે સમભાવ રાખીએ. આમાં પોતાના ધર્મ પ્રત્યે ઉદાસીનતા નથી આવતી. પણ પોતાના ધર્મ પ્રત્યેનો પ્રેમ આંધળો મટી જ્ઞાનમય થાય છે, તેથી વધારે સાત્વિક, નિર્મળ બને છે. બધા ધર્મ પ્રત્યે સમભાવ આવે તો જ આપણાં દિવ્યચક્ષુ ખૂલે. ધર્માંધતા ને દિવ્યદર્શન વચ્ચે ઉત્તરદક્ષિણ જેટલું અંતર છે. ધર્મજ્ઞાન થતાં અંતરાયો ઊડી જાય છે અને સમભાવ પેદા થાય છે. આ સમભાવ કેળવતાં આપણે આપણા ધર્મને વધારે ઓળખવાના.

### આર્થિક વારસો નહિ, બૌદ્ધિક વારસો હંમેશાં

પ્રચલિત અર્થો અને ધારણાઓથી જુદો જ ગાંધી વિચારનો એક અર્થ હું લઉં છું. હું માનું છું કે સંતાન એ માતા-પિતાનો આર્થિક વારસો માત્ર પ્રતીકરૂપે જ લેવો જ જોઈએ અને બાકીની વારસાઈ સંપત્તિ સમાજ ઉપયોગી કામમાં વહેંચી દેવી જોઈએ. માતા-પિતા આમ પણ સંતાનોના ઉછેરમાં ભણતરમાં ઘણી સંપત્તિ ખરચે છે. એમને યોગ્ય બનાવે છે. સંતાનો મા-બાપનો બૌદ્ધિક વારસો જ લે તે વધુ ઉચિત છે. આ એક પ્રકારે ગાંધીજીના ટ્રસ્ટીશીપની ભાવના સાથે સુસંગત છે. આ વિચારને મેં અપનાવ્યો છે અને પિતાની સંપત્તિમાંથી માત્ર પ્રતીકરૂપ જ લીધું છે અને સંતાનોને માત્ર પ્રતીકરૂપ આપીને બાકીનું સમાજને આપવાની ઈચ્છા છે. મારા માટે 'આર્થિક વારસો ક્યારેય નહિ બૌદ્ધિક વારસો જ હંમેશાં' એ સિદ્ધાંત ગાંધીવિચારનું જ અર્થઘટન છે. આપણા જીવનમાં સારે-માઠે પ્રસંગે મિત્રો જ હંમેશાં સાથે હોય છે. પ્રતીકાત્મકરૂપે મિત્રોને પણ વારસામાંથી કંઈક આપવું જોઈએ. આ મારી દષ્ટિએ ગાંધીજીએ અપનાવેલા 'ત્યેન ત્યક્તેન ભુંજીથા' ઉપનિષદ પ્રેરિત વિચારનું મૂર્તરૂપ છે.

ગાંધીજીએ ક્યારેય કોઈપણ વિચારને જેમનો તેમ સ્વીકાર્યો નથી. હંમેશાં જુદાજુદા ફિલ્ટર વડે ગાળીને બને તેટલો શુદ્ધ કરવાનો પ્રયાસ કર્યો છે. તેમણે અનુકરણીય રીતે દર્શાવ્યું છે કે માણસ ઝનુની બન્યા વિના ધાર્મિક હોઈ શકે છે. ગાંધીજી માનતા હતા કે દરેક ધર્મમાંથી કંઈક ને કંઈક સારું ગ્રહણ કરવા યોગ્ય છે. એ ધાર્મિક હતા પરંતુ એમના આશ્રમમાં કોઈ મૂર્તિઓ નહોતી.

ગાંધીજીના આ ઉદાર ધાર્મિકવાદના કારણે ભારતમાં તાલીબાન જેવો ઉગ્ર અને આત્યંતિક ધાર્મિકવાદ આવી શક્યો નથી. સત્યાગ્રહનાં મૂળિયાં જોઈએ તો તેમણે હિંદુઓની અહિંસાને ખ્રિસ્તીધર્મના 'એક્ટીવ લવ અને સર્વિસ' ના સિદ્ધાંત સાથે સાંકળી છે અને હિંદુઓના અનાસક્તિના ખ્યાલમાંથી પસાર કરીને સત્યાગ્રહીને મૃત્યુનો પણ ડર નહિ રાખવાની અભયતા આપી છે. આ સંયોજન દ્વારા તેમણે સત્યાગ્રહને એક અમોઘ શસ્ત્રમાં ફેરવી દીધું હતું.

એમણે ઉપવાસ માટે એવો ખ્યાલ કર્યો હતો કે, તમે જે ખોટું કર્યું છે એના માટે હું મારી જાતને પીડા આપું છું અને પીડા દ્વારા તમારા હૃદય પરિવર્તનનો પ્રયાસ કરું છું. ઉપવાસના પ્રચલિત ધાર્મિક અર્થથી એમણે જુદો જ અર્થ કર્યો હતો અને ઉપવાસ પણ જુદો જ કર્યો હતો. ગાંધીજીના સંખ્યાબંધ વિચારો આજે પણ અનુકરણીય છે.

લોર્ડ ભીખુ પારેખ

# એક હજાર બાળકોનાં મા-બાપ

(આજીવન લોકસેવા કરવાની કોઈને ઈચ્છા હોય તો આપણે કેથોલિકોમાં ફાધર/બ્રધર/સીસ્ટર બનીને તે કરવાની વ્યવસ્થા ઉપલબ્ધ છે અને ઘણાં યુવક-યુવતીઓએ એવું જીવન સ્વીકાર્યું પણ છે. પરંતુ એ સિવાય પણ બીજા ઘણા રાહો ઉપલબ્ધ છે યા શોધી શકાય છે. મહત્ત્વનું એ છે કે લોકસેવાને આપણા જીવનનો એક અભિન્ન હિસ્સો બનાવીએ ને કોઈને કોઈ રીતે લોકસેવા કરતા રહીએ. કારણ 'જન સેવા એ જ પ્રભુ સેવા.' નીચેના લેખમાં એક દંપતીએ એવો એક રાહ આપણને ચીંધ્યો છે. આ બંને જણ સંજય-તુલાએ શરૂ કરેલ 'વિશ્વગ્રામ' યુવાપ્રવૃત્તિઓ સંચાલિત શિબિરોમાં નિયમિતપણે ભાગ લેતાં હતાં. પ્રસ્તુત શિબિરોમાં હું પણ પ્રતિવર્ષ એક યા બે દિવસ જતો હતો ને મેં ડઝનેક કેથોલિકોને એમાં ભાગ લેતાં કર્યાં હતાં. પોતાની સૂઝ પ્રમાણે 'વિશ્વગ્રામ' શિબિરાર્થીઓ લોકસેવા કરવાનો સંકલ્પ કરીને પાછા આવે છે ને એ કરે પણ છે. શિબિરમાં ભાગ લઈ આવેલા કેથોલિક શિબિરાર્થીઓ એવું કંઈ કરતા હોય એની મને માહિતી નથી. બીજાઓ વિશે જાણું છું. જીતુ-રેહાના એમાંનાં બે જણ છે. - **ફાધર વિલિયમ)**

રેહાના-જીતુને બાળકો માટે બાલમંદિર ચલાવવાનું મન થયું. પણ એમાં બાળકો માટે જે ઝૂંપડપટ્ટીમાં ઉછરે છે, જેને સંપીને કેમ રહેવાય એની સમજ નથી, વાર્તા સાંભળવાની શી મજા છે તેનો અનુભવ નથી, ગીત ગાવાનો જલશો શો છે તેની જાણ નથી, સંગીત સાથે નાચવાનો આનંદ જેમણે માણ્યો નથી. . .આવાં બાળકો માટે કલરવ બાલમંદિર શરૂ કરવું હતું ! સાજા-સારાને તો સૌ વહાલ કરે, પણ જેને સૌ ધુત્કારે તેને હૂંફ આપવાના મનોરથ હતા રેહાના-જીતુને . . . ૨૦૦૨માં પહેલું કલરવ કેન્દ્ર ઝૂંપડપટ્ટીનાં ત્રીસ બાળકો માટે શરૂ કર્યું અને આજે દાયકા પછી ચૌદ ઝૂંપડપટ્ટીઓનાં એક હજાર બાળકોનાં મા-બાપ બની મસ્તીથી જીવે છે આ નોખું દંપતી રેહાના અને જીતુ. . .જોકે, બંનેના નામ વચ્ચે 'અને' ન લખીએ તો ચાલે, કારણ જીતુ-રેહાના એક સિક્કાની અવિભાજ્ય બે બાજુઓ છે. 'દો જિસ્મ મગર એક જાન હૈ હમ' એવું ગણગણી શકવાનો અધિકાર ધરાવે છે, કારણ કે બંને અલગ માર્ગેથી આવીને એક ચોખટ પર મળ્યાં અને બંને વચ્ચે પ્રેમ પાંગર્યો અને એ પ્રેમ હજાર બાળકો સુધી ફેલાયો . . . ! જીતુ હાસ્યની છોળ ઉડાડી માર્મિક ટકોર કરે છે : એક હજાર બાળકો હોય તેવાં મા-બાપ હોવાનો અમારો કદાચ વર્લ્ડ રેકોર્ડ છે !

રાજકોટની ચૌદ ઝૂંપડપટ્ટીનાં એક હજારથી વધુ બાળકોને રાજકોટની જ 'એ ગ્રેડ' સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલમાં મોકલનાર રેહાના-જીતુનાં મૂળ નીકળે અમદાવાદમાં. રેહાના અમદાવાદના જુહાપુરામાં મા-બાપ, બે ભાઈઓ અને ત્રણ બહેનો સાથે રહે. પિતા સરકારી નોકરીમાંથી નિવૃત થયા. કુટુંબનો ઉછેર સંસ્કારી. કોઈનું ખરાબ નહિ ઈચ્છવાનું-બેઈમાની તો લેશમાત્ર નહિ. સદાચારી વાતાવરણ તો એવું કે રેહાનાના ઘરનું લાઈટ બિલ ઓછું આવતું હતું તો તેના પિતાએ સામે ચાલીને જી.ઈ.બી. વાળાને બોલાવી મીટર બદલાવી નાખ્યું ! રેહાના વધુ ભણવા માસીને ત્યાં ઊંઝા ગઈ. ત્યાં મહેસાણા-પાટણમાં યોજાતી 'વિશ્વગ્રામ' શિબિરમાં ભાગ લેવા જતી. ગુણવંત શાહ, મકરંદ દવે, વિમલાઈ તાઈ,( જોસેફ મેકવાન . . ., લેખકો, સાહિત્યકારો, કર્મશીલો, સમાજસેવકો, ગાંધીવાદીઓ. . .) જેવા ચિંતકોની વાતો રેહાનાના દિલમાં ઘર કરી ગઈ. આ શિબિરમાં રાજકોટનો યુવાન જીતુ બાડોલિયા પણ આવે. જીતુ ધાર્મિક વાતાવરણમાં ઉછરેલો દસ ધોરણ ભણેલો અને ડિઝલ મિકેનિક તરીકેની લાયકાત. તે રાજકોટમાં કપડાંનો અને નાગરવેલનાં પાનનો નાના પાયે જથ્થાબંધ વેપાર કરે. આવક સારી પણ ધંધામાં જીવ નહિ. સમાજ માટે કંઈક નક્કર અને નોખું કરવાની ધગશ. . . એમાં એક નાનો છતાં આંખ ઉઘાડી આપતો અનુભવ જીતુને થયો. રાજકોટના મ્યુનિસિપલ કમિશનરના બંગલા સામેનાબગીચામાં જીતુ તેના મિત્ર સાથે બેઠો હતો. એક દસેક વર્ષનો છોકરો ભીખ માગવા આવીને ઊભો. જીતુએ તે છોકરાને કહ્યું 'તને હું મારી સાથે રાખું, સારી સ્કૂલમાં એડમિશન આપી ભણાવું, ચાલ છો તૈયાર'? પેલો છોકરો ખિસ્સામાંથી પચાસ રૂપિયાની નોટ કાઢી જીતુને બતાવીને કહે કે :'આટલા રૂપિયા તો હું માત્ર એક કલાકમાં ભેગા કરી શકું છું' એ છોકરો ચાલતો થયો પણ જીતુના મનમાં પ્રશ્ન અને દિલમાં આપણા સમાજની કરુણા ભરતો ગયો.

૧૯૯૮માં રેહાના અને જીતુનો મેળાપ થયો.બંનેના વિચારો અને ધ્યેય સરખાં એટલે સાથે મળી ત્રણ વર્ષ ઝૂંપડપટ્ટીમાં કામ કર્યું, રેહાનાએ શરત કરી :'ધર્મના પાલનમાં આપણે બંને સ્વતંત્ર. તું પ્રાર્થના કરજે. હું નમાજ પઢીશ.' જીતુએ કહ્યું :તારી શરત મંજૂર, પણ મારીય એક શરત કે આપણે લગ્ન કરીશું, પણ બાળક ન જોઈએ !, રેહાનાને બાળકો બહુ વહાલાં, એટલે રેહાના કહે કે બાળકો તો જોઈએ. જીતુએ રેહાનાને સમજાવી. આપણું બાળક હોય તો પછી બીજાનાં બાળકોને ભણાવવા ગણાવવામાં આપણો જીવ ન ચોંટે. રેહાનાના ગળે વાત ઊતરી ને આજે જીતુ-રેહાનાને ઝૂંપડપટ્ટીઓનાં હજારથી વધુ બાળકો છે. હા એ દંપતીએ આ ચીંથરે વીંટેલા ચિરાગોને દત્તક લીધાં છે. જીતુ કહે છે - મારે ને રેહાનાને મનનો મેળાપ હતો, પણ મેરેજ જરૂરી નહોતાં,સમાજને અને અમારા કામને તેની જરૂર હતી એટલે અમે લગ્ન કર્યાં. લગ્ન વગર રેહાના માટે ઘર છોડવું મુશ્કેલ હતું એટલે સમાજનું લાયસન્સ લઈ લીધું. રેહાનાના કાકા અને બનેવીએ આવીને જીતુનાં મમ્મીને મોઢામોઢ કહ્યું : જુઓ માસી, રેહાનાને અમે લેવા નથી આવ્યા. અમારે એ જોઈતી પણ નથી. એનાં જ્યાં પહેલાં લગ્ન થયેલાં ત્યાંથી ત્રણ વાર પાછી આવી છે. જુહાપુરામાં અમે તેને સાચવી નહોતાં શકતાં. હવે તમે સાચવી લેજો. વાત આટલેથી ના પતી. બંને પાસેથી લખાણ કરાવ્યું. હું રેહાના મનસુરી. મેં કુટુંબની જાણ બહાર લગ્ન કર્યાં છે.મારા મા-બાપની કોઈ જવાબદારી નથી. હું જીતુ જાતે હિંદુ. રેહાના સાથે મરજીથી લગ્ન કર્યાં છે. મારા મા-બાપે રેહાનાને સ્વીકારી લીધી છે. જીતુના પરિવારને રેહાનાએ જીતી લીધો છે. બંને વચ્ચે જબરી સમજણ છે. બંને એકબીજા પર કોઈ શરત લાદતાં નથી. રેહાના શ્રાવણ માસ કરે છે. તો જીતુ રોજા પાળે છે, પણ પ્રેમથી, આગ્રહથી નહિ જ.

રાજકોટની કેટલીય ઝૂંપડપટ્ટીઓમાં આપણે સવારે લટાર મારીએ તો આપણને એક અનેરું દૃશ્ય જોવા મળે. પંજાબી ડ્રેસમાં સજ્જ રેહાના અને ખાદીધારી જીતુ પોતાની નાનકડી મિત્રટોળી સાથે આ ઝૂંપડપટ્ટીનાં બાળકોને કાં તો નવડાવતાં હોય - કાંતો માથું ઓળી આપતાં હોય- કાં તો નખ કાપતાં હોય યા તો સ્કૂલ ડ્રેસ અને શૂઝ પહેરાવીને મેટાડોરમાં સ્કૂલે ભણવા રવાના કરતાં હોય. પાંચ

બાળકોથી આ વ્યાયામ શરૂ થયેલો. બાળકોને તૈયાર કરવાથી માંડીને ભણાવવાની અને ફાજલ સમયમાં રચનાત્મક પ્રવૃત્તિમાં વ્યસ્ત રાખવાની જવાબદારી બંનેએ ભારપૂર્વક સંભાળી. વાત ફેલાતી ગઈ. જીતુ-રેહાનાનો પ્રેમનો વ્યાપ વધતો ગયો. જેમ જેમ સંખ્યા વધતી ગઈ તેમ તેમ તે બધાંને ભણાવવાનો પ્રશ્ન ઊભો થયો. પણ ત્યાં તો ખ્રિસ્તી મિશનરીઝ દ્વારા ચાલતી નિર્મળા સ્કૂલે તેમનો હાથ ઝાલ્યો. બપોરના સમયે કોઈ પ્રવૃત્તિ વગરની આ સ્કૂલમાં નિર્મળા કલરવ સ્કૂલ શરૂ થઈ, જેમાં રેહાના-જીતુ મૂકી જાય તે બાળકોને મફતમાં લોઅર કે.જી.થી માંડીને ત્રીજા ધોરણ સુધી ભણાવવામાં આવે છે. નિર્મળા સ્કૂલ માત્ર છોકરીઓની સ્કૂલ એટલે નિર્મળા કલરવ સ્કૂલમાંથી ત્રીજા ધોરણ પછી છોકરીઓને રેગ્યુલર સવારે ચાલતી નિર્મળા કોન્વેન્ટમાં સમાવી લેવામાં આવે ...અને ત્યાં તો છોકરાઓને ચોથા ધોરણથી મફત ભણાવવા અનેક સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલો આગળ આવી. આજે વીસથી વધુ શાળાઓમાં રેહાનાદીદી અને જીતુસરનાં હજારો બાળકો ભણે છે ! બધાં જ હજાર બાળકોની પૂરેપૂરી ફી સ્કૂલ ભોગવે છે. દસ વર્ષ પછી તો રેહાના-જીતુની યાત્રાના સ્નાતકો થઈ બહાર પડવા લાગ્યા છે અને તેમના સાથીદાર બની કામમાં જોડાયા છે.

'વિશ્વનીડમ' નામની રેહાના-જીતુની સંસ્થા સરકારી સહાય લેતી નથી, લેવા માગતી પણ નથી. કોઈ મોટા એન.જી.ઓ.ને પ્રોજેક્ટ રિપોર્ટ આપીને સહાય મેળવવામાં આ નોખાં દંપતીને રસ નથી. જીતુ બોલવે આકરો છે. દાન આપે તેને અહેસાસ કરાવે છે કે દાન એ દયા નથી, સામાજિક નિસબત માટેની ફરજ છે. જીતુ કહે છે : હું પેપરવર્કમાં કાચો છું, પણ ગ્ર ગ્રાઉન્ડવર્કમાં અમે સાચાં છીએ. અમને કાગળ પર આંકડા દેખાડવામાં રસ નથી, અમને તો ઝૂંપડપટ્ટીનાં બાળકોને એકડો ઘૂંટાવવામાં અને તેમને સાચા નાગરિકો બનાવવામાં રસ છે. જો કે, મુંબઈના કેટલાક કેરીંગ ફ્રેન્ડ્ઝ ગૃપ 'વિશ્વનીડમ'ને નિયમિત મદદ કરે છે. જેમને આ પ્રવૃત્તિમાં જીવન ધબકતું લાગે તેને વર્ષના માત્ર ચાર હજાર રૂપિયા આપી એક બાળકને દત્તક લેવા જીતુ-રેહાના વિનંતી કરે છે. દર બે મહિને આવા મિત્રદાતાનનું બાળકો સાથે સ્નેહમિલન કરે છે. 'રળીને ખાવું'ની વાત માબાપ સુધી ઉતારવા માટે એક વિચિત્ર યોજના 'વિશ્વનીડમ'માં છે. 'વિશ્વનીડમ' બાળકને માનો કે સો રૂપિયાનું દફતર આપે તો બાળકના મા-બાપે ટોકન રૂપે પાંચ રૂપિયા સંસ્થામાં જમા કરાવવાના. આમ કરવાથી પોતાની જવાબદારીનો અહેસાસ થાય અને મફતનું મેળવવાની લાલચથી દૂર રાખી શકાય.

સ્કૂલ પછી આ બાળકોનું શું ? હા, તે રહે મા-બાપ સાથે જ, પણ ભણવા સિવાયના સમયમાં તેમને રખડપટ્ટીને બદલે રમતો રમાડવી, કલા-કૌશલ્યમાં વાળવાં, દીવડા-દીવાળી કાર્ડ બનાવવામાં પ્રવૃત્ત કરવા માટે 'વિશ્વનીડમ'ની ટીમ સતત પ્રવૃત્ત રહે છે. છેલ્લા કેટલાંયે વર્ષોથી તો આ બાળકોએ બનાવેલા દીવડા-કાર્ડ-મીણબત્તીનું સેલ થાય, લાખેક રૂપિયા કમાટ ને રળીને પેટ ભરવાની મજા બાળકો માણે...આ આવકમાંથી આ બાળકોને દેશનાં રમણીય-ઐતિહાસિક સ્થળોએ પ્રવાસમાં લઈને નીકળી પડે રેહાના-જીતુ.

બેંતાલીસ વર્ષનો જીતુ અને પાંત્રીસ વર્ષની રેહાના સહાનુભૂતીથી ચીંથરાં વીંટતાં જાય છે ને ચિરાગ પ્રગટાવતાંજાય છે.

(સૌઃ દિ.ભા.) **લેખકઃભદ્રાયુ વછરાજાની**

# વાદે વાદે જાયતે તત્ત્વબોધઃ

(દલીલબાજી, ચર્ચા, સંવાદ . . .થી જ્ઞાન પ્રગટે છે, પ્રસરે છે)

આજકાલ જ્યાં જુઓ ત્યાં કાયમી રોગ જેવી વિચારશૂન્યતા (ક્રોનીક થોટલેસનેસ) અડ્ડો જમાવીને બેઠી છે. જ્યાં વિચારશૂન્યતા હોય ત્યાં જથ્થાબંધ છેતરપીંડી ન હોય તો જ નવાઈ! ગંદા રાજકારણીઓ અને ભ્રષ્ટ ધર્મકારણીઓ વચ્ચે સંડવીચ થયેલી ભોળી પ્રજાનું કોઈ ભવિષ્ય ખરું ? આજનો મનુષ્ય ધર્મના નામે થતા દાઢીમૂલક અત્યાચારોને હોંશપૂર્વક માણી રહ્યો છે. સદીઓથી દુનિયાનો આમ આદમી છેતરાતો જ રહ્યો છે.

એક જમાનામાં ધર્મ દ્વારા શિક્ષણ અપાતું રહ્યું. આજના યુગમાં આ પ્રક્રિયા પલટી નાખવી પડશે. લોકોને પ્રચારમાધ્યમો અને ઈન્ટરનેટ દ્વારા સતત સમજાવવું પડશે કે શિક્ષણ એ જ ધર્મનું ખરું વાહન છે. યોગ્ય શિક્ષણ ન પામેલો માણસ દયનીય છે અને દયનીય છે કારણ કે શોષનીય છે. અજ્ઞાન તો ધર્મગુરુ અને રાજકારણીની ભાવતી વાનગીનું નામ છે. આ વાત આપણે ક્યારે સમજીશું? મામાનું ઘર કેટલે? ક્યાંય દીવો બળે છે ખરો? હા, એક દીવો આપણી ભીતર જલતો રહે છે. બુદ્ધ જેવા નિરીશ્વરવાદી ક્રાંતિકારી ઉપદેશકે એ દીપકનો મહિમા કરીને કહ્યું : આત્મદીપો ભવ!. **- ડો. ગુણવંત શાહ**

'*નવવિધાન*'*માં* 'ધર્મના બેઝ પર ભારતના ઈસાઈઓને કરવામાં આવતો અન્યાય' વિષયે આપેલ માહિતી બહુ જ ઉપયોગી અને ગુજરાતના ઈસાઈઓએ ખાસ જાણવા જેવી છે. આપે લખ્યું છે તેમ હિંદુઈઝમના પ્રચારકો આવતી કાલે આપણને વિદેશી ગણી કાઢે, હેરાન પરેશાન કરે તો નવાઈ નહિ. આપણે એમની સામે સંગઠિત થઈને લડવું જ રહ્યું. આપણે ઈસાઈઓ ભારત દેશના નાગરિકો છીએ એની એ કોઈને સાબિતી આપવાની કોઈ જરૂર નથી તથા એવી સાબિતી માગવાનો એમને કોઈ અધિકાર પણ નથી. હકીકતે ઈસાઈઓ તો ભારતદેશને બીજા કોઈ કરતાં પણ વધુ વફાદાર છે. જાહેર જીવનમાં ખાસ કરીને તો સરકારી કાર્યાલયોમાં અને વિવધ શિક્ષણ સંસ્થાઓમાં તેઓ પ્રામાણિકતા અને કર્તવ્યનિષ્ઠા માટે ઘણા જાણીતા છે અને લોકપ્રિયતા હાંસલ કરી છે. આના સિવાય તેમની વફાદારી કે ભારતીયતા માટે બીજા કયા પ્રમાણપત્રની જરૂર છે?

**- હસમુખ ક્રિશ્ચિયન (રૂદણ)**

### ગંજીનો કૂતરો ઘાસ ખાય નહિ ને ખાવા દેય નહિ !

ધર્મના બેઝ પર કરવામાં આવતો અન્યાયની હકીકત જાણીને ભારે રંજ અનુભવ્યો. આ વિષયે આગામી અંકોમાં માહિતી આપતા રહેશો. આપે લખ્યું છે તેમ આ બાબત એક અન્યાય સામે લડવાની બાબત છે. ધારો કે ભવિષ્યમાં એ લાભો દલિત ખ્રિસ્તીઓને પણ આપવામાં આવે ત્યારે પણ એ લાભો લેવા કોઈને માટે ફરજિયાત નથી. હકીકતે તો એની જરૂર ન હોય તો એ લેવા પણ ન જોઈએ જેથી કરીને ખરેખર જરૂરિયાતમંદ ખ્રિસ્તીઓને તે મળે. પરંતુ, એ લાભો આપણે લેવા નહિ અને બીજાને તે લેવાની ના પાડવી એ યોગ્ય લેખાય નહિ. એવું વલણ તો 'ગંજીનો કૂતરો ઘાસ ખાય નહિ ને ખાવા દેય નહિ' જેવું કહેવાય જે ગરીબલક્ષી કોઈને શોભે નહિ. એવા લાભો લેતી કોઈ પણ જરૂરિયાતમંદ વ્યક્તિને હલકી કે પછાત ગણવી કે કહેવી એ પણ યોગ્ય નથી. ! **- રમેશ કે. મેકવાન** (સુરત)

## જાણવા જેવું

તા.૬ ઠ્ઠી ઓક્ટો. ૨૦૧૩ના રોજ ગુજરાતમાં રોમન કેથોલિક પંથના આગમનને ૧૨૧ વર્ષ પૂરાં થયાં. એ નિમિત્તે મોગરી ગામે જ્યાં ૧૮ વ્યક્તિઓને સ્નાનસંસ્કાર કરાવેલો ત્યાં શ્રદ્ધા વર્ષની પૂર્ણાહૂતિ સમારંભ યોજવામાં આવ્યો હતો. આ અવસરનું સૌને મહત્વ સમજાય, તેની કાયમ યાદ રહે અને શોભામાં અભિવૃદ્ધિ કરે એ શુભ હેતુસર ફાધર વિલિયમે ઘણી જહેમત ઉઠાવી **ગુર્જર ભૂમિમાં શુભસંદેશના છડીદારો** પુસ્તક લખ્યું છે જેમાં વિવિધ મિશનરીઓએ અદા કરેલ ભૂમિકા વિશે પ્રેરણાદાયક માહિતી પીરસી છે.

મા. બિશપ થોમાસ મેકવાનના વરદ હસ્તે, વિશાળ ભક્તસમુદાય સમક્ષ મોગરીમાં સદર પુસ્તકનું લોકાર્પણ કરાયું હતું. ઉપસ્થિત ધર્મજનોમાં મુંબઈમાં રહેતા પરંતુ મૂળ મોગરીના વતની શ્રી ઈગ્નાસ મેકવાન તથા ‘દૂત’ના માજી તંત્રી શ્રી સાયમન પરમાર હતા જેઓએ પુસ્તકને ઉભરાઈ જતા ઉત્સાહથી વધાવી લીધું હતું ને સંપાદકને અભિનંદન પાઠવ્યાં હતાં.

બીજે દિવસે વડોદરા ખાતે ‘જીવન દર્શન’માં ગુજરાતસ્થિત જેસુઈટ સંસ્થાઓના વડાઓની મિટિંગમાં ફાધર વિલિયમે ગુજરાત જેસુઈટોના પ્રાંતપતિ ફાધર જોસ ચાંગાનાચેરીને સદર પુસ્તક સૌની હાજરીમાં અર્પણ કર્યું હતું ને સૌને પોતાની સંસ્થાઓમાં તે લઈ જવા ભેટ આપ્યું હતું જેથી તેના વાચન દ્વારા પુરોગામી જેસુઈટ મિશનરીઓનો પ્રેરણાસ્રોત સમગ્ર ગુજરાતમાં અવિરત વહેતો રહે. તસ્વીરોમાં આ મંગલ અવસરોની ઝલક દેખાય છે.

આપણા કેથોલિક સમુદાયની આજની વિપુલ આર્થિક તથા આધ્યાત્મિક સંપદાનો ઝરો (ઈશ્વર પિતાના આશીર્વાદ) મોગરીમાં વહેતો થયો હતો. એટલે આ પુસ્તક બધે વંચાય તથા ભગવાને વરસાવેલા આશિર્વાદની આપણે કદર કરી તેના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરીએ એ હેતુસર પુસ્તકની કિંમત માત્ર રૂ. ૫૦/- રાખી છે. ફાધર વિલિયમ તથા ગુજરાત સાહિત્ય પ્રકાશ, આણંદથી તે મળી શકશે.



















## ગુર્જર ભૂમિમાં શુભસંદેશના છડીદારોને કોટિ કોટિ વંદન!

પત્રવ્યવહાર, લખાણો તથા મંતવ્યો મોકલવાનું સરનામું.

**ફાધર વિલિયમ, ‘રિશ્તા’ આશાદીપ, નાના બજાર, વિદ્યાનગર. જિ.આણંદ ૩૮૮ ૧૨૦, મો : ૯૪૨૭૦૨૬૦૮૩**